ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research e-Journal

# "ક્રિષ્ના સોબતીનાં ઉપન્યાસમાં નારી સમસ્યાઓનું આલેખન"

નિરવ જે. રાવલ

(એમ.એ., એમ.ફીલ, બી.એડ.)

# ક્રિષ્ના સોબતીનાં ઉપન્યાસમાં નારી સમસ્યાઓનું આલેખન

જીવન અને સમસ્યાને અલગ રૂપથી જોઈ શકાય નહીં, જીવન છે તો સંઘર્ષ છે, સમસ્યા છે. માણસ સામાજિક પ્રાણી છે, માટે સમાજની સમસ્યાઓથી ઘેરાયેલો રહેશે એ સ્વાભાવિક બાબત છે. આમ, જીવનની વિભિન્ન સમસ્યાઓમાંથી પુરૂષની જેમ સ્ત્રી પણ કયારેય બચી શકતી નથી. સ્ત્રીનું જીવન અને તેની સમસ્યાઓ હંમેશાથી સાહિત્યનાં વિષયવસ્તુનાં રૂપમાં ગ્રહણ થઈ છે. હિન્દી સાહિત્યનાં મોટાં ભાગનાં ઉપન્યાસકારોએ નારીને કેન્દ્રમાં રાખી સાહિત્યનું નિર્માણ કર્યું છે અને બદલાતા પરિમાણોમાં, આધુનિકતામાં નારીને જોવાની કોશિશ કરી છે. સ્ત્રીનાં સ્વભાવ, તેની સમસ્યાનું સજીવ અને યોગ્ય ઈમાનદારી પૂર્વકનું પ્રસ્તુતીકરણ કરવાની ક્ષમતા સ્વાતંત્ર્યોત્તર કથા લેખિકાઓમાં આ બાબત જોવા મળે છે. સ્વાતંત્ર્યોત્તર લેખિકાઓમાં આલોચનીય એવું નામ ક્રિષ્ના સોબતીજી ધરાવે છે. વૈયકિતક સ્વતંત્રતા, પોતાનાં વ્યકિતત્વ અને ઈચ્છાઓ પ્રત્યેની જાગૃતિ, વગેરે તેમનાં નારી પાત્રોનાં સ્વભાવમાં જોવા મળે છે. આ વિદ્રોહ પાછળ કયાંક સ્ત્રીની સમસ્યાઓ કારણભૂત હોય તેવું લાગે છે. સ્વતંત્રતા અને પોતાનાં અસ્તિત્વ માટે સંઘર્ષ કરતી નારીની સમસ્યાઓને ક્રિષ્નાજીએ ઉજાગર કરી છે. તેમનાં ઉપન્યાસોમાં નિરૂપિત મુખ્યતયા નારી સમસ્યાઓ પર નજર કરીએ.

- **વિવાહ સંબંધિત સમસ્યા**

ભારતીય પરંપરા અને સાંસ્કૃતિક બંધનોમાં જોડાઈ રહેવાની અનિવાર્યતાએ વિવાહ સમસ્યાનું રૂપ ધારણ કર્યું છે. વિવાહ સમાજની એ અનિવાર્ય પ્રથા છે. પરંતુ આજની આ કપરી પરિસ્થિતિમાં તે સમસ્યારૂપ બની છે. વૈવાહિક પ્રશ્ન જટિલ બનવામાં એકબાજુ સામાજિક કુરિવાજો જવાબદાર છે તો કયાંક બીજી તરફ સમાજ પરિવર્તનનાં લીધે બદલાતી પરિસ્થિતિ જવાબદાર છે.

VIDHYAYANA

ક્રિષ્ના સોબતીએ પોતાનાં ઉપન્યાસ 'સૂરજમુખી અંધેરે કે'ની નાયિકા પોતાનો વિવાહ ઈચ્છતી હોવાં છતાં અવિવાહિત રહે છે. કારણ કે, તે જેને ચાહે છે તે દિવાકર પહેલેથી જ પરણિત છે. માટે દિવાકરના લગ્ન પ્રસ્તાવનો અસ્વીકાર કરે છે. રતી સમજે છે કે લગ્ન માત્ર સ્ત્રી–પુરૂષનાં યૌન સંબધોની માન્યતા માટે નહીં પરંતુ જવાબદારી અને કર્તવ્યનાં પાલનનું દાયિત્વ પણ છે. 'ડાર સે બિછુડી'માં નાયિકા પાશોની મા ખત્રી જાતિની હોવા છતાં શેખ સાથે વિવાહ કરે છે. પરિણામે, તેનાં કુટુંબને સમાજમાં અપમાનિત થવું પડે છે. લોકોનાં વ્યંગ્ય વાકયો સહન કરવા પડે છે. –

''बादशाहो, अब क्या शेख, क्या ब्राह्मण, खत्रियो की बेटियाँ तो अब काबुल-कधार पहुँचेगी !''[1]

- **પ્રેમ સંબંધી સમસ્યા**

આધુનિક પરિવેશ અને જીવનમૂલ્યોનાં પરિવર્તનથી પ્રેમની પરિભાષા જ બદલાઈ ગઈ છે. પ્રેમ માનવીનાં મનની કોમળ ભાવના છે. ક્રિષ્ના સોબતીએ અનેક નારીઓનું આલેખન પોતાનાં ઉપન્યાસમાં કર્યું છે, જેને પ્રેમમાં સફળતા મળી નથી. આ

અસફળતાના અનેક કારણો હોઈ શકે છે. જેમાં સામાજિક પ્રતિષ્ઠા, જાતિ, અમીરી–ગરીબી, શિક્ષા, વફાદારી, ઉંમર કે ભરોસો ન હોવો જેવાં કારણો પ્રમુખ છે. આજનાં ભૌતિક યુગમાં પ્રેમ એક સહજ પ્રક્રિયા સમાન બની ગઈ છે. ડૉ. વેદ પ્રકાશ તેનાં વિશે નોંધે છે કે,

‘‘प्रेम का अर्थ अब आत्मिक मिलन या जन्मजन्मातर का साथ नही है, वह अब दैहिक भोग या क्षणिक आवेश का पर्याय रह गया है ।’’[2]

'બાદલોં કે ઘેરે' કહાનીમાં 'મન્નો'ને પોતાની બિમારીના કારણે પ્રેમમાં અસફળતા મળે છે. તે રવિ સાથે જ્યારે મંદિર જાય છે. ત્યારે પોતાનાં મનમાં ઉઠેલા ભાવોને, પીડાને રવિ સામે વ્યકત કરે છે.

‘‘बस, इतना चाहती हू, यह कपाट उनके लिए खुले रहे, जिनसे बिछुडकर मै अलग आ पडी हू ।’’[3]

સમય સાથે બદલાયેલી નારીની માનસિકતામાં આવેલાં પરિવર્તનને ક્રિષ્નાજીનાં ઉપન્યાસ સાહિત્યમાં જોઈ શકાય છે. 'તિન પહાડ'માં જયા પ્રેમમાં નિષ્ફળતા મળતા સતત માનસિક સંતાપ અનુભવતા અંતે આત્મહત્યા કરી લે છે. જ્યારે 'દિલો દાનિશ'ની નાયિકા મહેકબાનો વકીલ કૃપનારાયણની પ્રેમિકા અને બે સંતાનોની માતા હોવા છતાં વકીલ સાહેબના પ્રેમમાં નિષ્ફળતા મળતા અનવરખાં સાથે નવજીવનની શોધમાં નીકળે છે. આનાં પરથી કહી શકાય કે 'પહેલો પ્રેમ જ સર્વસ્વ છે'ની ભ્રામક વિચારધારાને તિલાંજલી આપીને આજની નારી જરૂર પડયે પ્રેમસંબંધો જોડે અને તોડે પણ છે. બીજી તરફ 'સૂરજમુખી અંધેરે કે'ની નાયિકા રતી એકથી શરીરસંબંધ ભોગવી પોતાનો સાથી બદલતી રહે છે. જેમાં તેને જરાપણ સંકોચ કે મનમાં ગ્લાનિનો અનુભવ પણ થતો નથી. આમ, ક્રિષ્ના સોબતીજીએ ઉપન્યાસમાં નારી આલેખનમાં અતિ આધુનિકતા સાથે પ્રેમ માત્ર ભાવનાઓ સાથે જ નથી જોડાયેલ પરંતુ તેમાં બૌદ્ધિકતાનો અંશ પણ જોડાઈ ગયો છે, એમ દર્શાવ્યું છે.

- **વિધવા સમસ્યા**

વિધવા સમસ્યા ભારતીય સમાજની એક ભયંકર વિષમ સમસ્યા છે. ક્રિષ્નાજીએ તેમનાં ઉપન્યાસમાં વિધવા સમસ્યાને ઉજાગર કરી છે. 'ડાર સે બિછુડી'ની નાનીમાં વિધવા બનતાં જ તેનો તમામ વહીવટ ઘરનાં દિકરાં–વહુના હાથમાં જતો રહે છે, અને વહુ દિકરા જે કહે તેમજ થતું હતું. 'મિત્રો મરજાની' ઉપન્યાસમાં ફુલાવંતીની મા માયાવતી પણ વિધવા નારી છે. તે પરાવલંબી નિરાધાર બની રહે છે. 'જિંદગીનામા' ઉપન્યાસમાં ઘણી બધી વિધવા સ્ત્રીઓનું આલેખન છે. જેમાં વિધવા બ્રાહ્મણી લક્ષ્મી અને મહરી ચાચીની સમસ્યાઓનું આલેખન છે. 'દિલો દાનિશ' ઉપન્યાસમાં છુન્નાનાં પાત્ર સાથે બઉઆજી, તેમજ તાઈનું પાત્ર પણ વિધવા પાત્ર દર્શાવ્યું છે. પોતાનાં વૈધવ્યને દર્શાવતાં છુન્ના કહે છે.–

''जाने क्या से क्या कहानी गढ रही है, एक नाम यह दिया हमारा, विधवा । वह तो हर सगुण शास्त्र से बाहर, उस पर इनकी सब खामियो-नाकामियो के जिम्मेवार भी हमी । इनके लिए दुबारा निकाल ले बिहुए और टिकुली । ।''[4]

વિધવા નારીને અપશુકન માનવામાં આવે છે. કોઈ સારાં કાર્યમાં વિધવાનું મુખ અનુચિત મનાય છે. વિધવા નારીનું અશુભ, અમાંગલિક બતાવીને જાણે તેનાં જીવનનું સમસ્ત સુખ છીનવી લેવામાં આવે છે.

- **સ્ત્રી શોષણની સમસ્યા**

પુરુષ અને સ્ત્રી બન્ને સમાજનાં આવશ્યક અંગ છે. પરંતુ આપણાં સમાજમાં પુરૂષ કરતાં નારીની સ્થિતિ દયનીય અને હીન કક્ષાની રહી છે. પુરુષ સમાજમાં નારી હંમેશા કપટ અને વિશ્વાસઘાતનો ભોગ બનતી રહી છે. ક્રિષ્ના સોબતીએ તેમનાં ઉપન્યાસમાં નારી શોષણની સમસ્યાને યથાર્થ રીતે નિરૂપી છે.

'ડાર સે બિછુડી' ઉપન્યાસમાં નાયિકા પાશો પર તેનાં મામા–મામી શંકાની દ્રષ્ટિથી શારિરીક, માનસિક રીતે વ્યંગ્ય કરી તેનું વૈચારિક શોષણ કરે છે. તેની સાથે મારપીટ કરતાં કરતાં અભદ્ર શબ્દો, ગાળો ભાંડતા કહે છે.–

''अरे, कुलच्छनियो वाले हाव-भाव ।''[5]

'સૂરજમુખી અંધેરે કે' ની નાયિકા રતી કિશોરાવસ્થામાં અનૈતિક કૃત્યનો શિકાર બને છે જેનાંથી તેની માનસિક રોગી જેવી સ્થિતિ સર્જાય છે. આથી રતીનાં મનોજગતમાં બલાત્કારના લીધે એકલાપણું જોવા મળે છે. તે માનસિક રીતે મૂઢ બનીને પોતાની જાત માટે માનવા લાગે છે.–

''रती अच्छी लडकी नही । रती कोई औरत नही । वह सिर्फ गीली लकडी है । जब भी जलेगी धूंआ देगी । सिर्फ धूंआ ।''[6]

બળાત્કારની પીડા ભોગવતી રતી હર ક્ષણે લઘુતાગ્રંથિનો શિકાર બને છે, તેનો વિકાસ અવરોધાય છે. અંદરથી ડરેલી રતી બળાત્કારનો ભોગ બનીને પોતાની જાતને અસુરક્ષિત માને છે. અંદર અંદર પોતાની જાત સાથે લડે છે.

''वह एक काला जहरीला क्षण हर बार मुझे झपट लेता है और मै काठ हो जाती हूँ ।''[7]

'દિલો દાનિશ' ઉપન્યાસમાં મહકબાનોં વકીલ કૃપાનારાયણ દ્વારા શારિરીક, માનસિક શોષણનો તેમજ આર્થિક શોષણનો ભોગ બને છે. 'મિત્રો મરજાની'માં નાયિકા મિત્રોની તેની માં બાલો પણ તેની પરવા કર્યા વિના વારંવાર જાણે માનસિક શોષણ કરે છે.

**મિત્રો તેની માં બાલોને આ માનસિક ત્રાસનાં કટાક્ષમાં કહે છે. –**

‘‘जले पर नमक छिडकने से नही होगा, अम्मा ? मा-बेटे मिल, छिल-छाल मित्रो का अचार क्यो नही डाल लेते ?’’[8]

**પરંપરાગત ભારતીય નારી હંમેશા દુર્બળ, નિઃસહાય, પુરૂષોનાં શોષણને સહન કરતી આવી છે. સ્ત્રી ઘરની ચાર દિવાલોમાં રહે કે બહાર નીકળીને પુરૂષની સાથે કદમ મિલાવે તો પણ તે આજે શોષણનો ભોગ બને છે. આધુનિકતાની દોડમાં આત્મનિર્ભરતા માટે, તો કયાંક સ્વતંત્રતાની ઝંખના માટે, તો કયાંકને કયાંક માનસિક, શારિરીક અત્યાચારની અનુભૂતિ તેને થાય જ છે. સિમ્મી હર્ષિતા નામની લેખિકા નોંધે છે કે,**

‘‘ससार मे हर तरह के अन्याय और गुलामी का अत हो जाएगा, पर औरत की गुलामी और अन्याय कभी खत्म नही हो सकेगा, सारी आधुनिकता और शिक्षा-प्रसार के बावजूद । बल्कि ज्यो-ज्यो रोशनी बढ गी यह अधेरा और घना होगा, नए नए ढग से ।’’[9]

- **અસ્તિત્વ સંઘર્ષ અને મુકિત માટેની સમસ્યા**

**સ્ત્રી માટે પોતાનાં અસ્તિત્વની સ્થાપના અને તેનાં દ્વારા વૈચારિક સ્વતંત્રતાને પામવું મહત્વનું છે. 'દિલો દાનિશ' ઉપન્યાસમાં મહકબાનો પોતાનાં અસ્તિત્વનાં બચાવ માટેની લડાઈ લડે છે. પોતાની પુત્રી માસુમા માટે પણ પરિસ્થિતિ સામે બાથ ભીડે છે. મહકબાનો જાણે છે કે પોતે વકીલ કૃપનારાયણની રખાત સમાન છે. પત્ની નથી. બન્ને વચ્ચે સ્થાપિત સંબંધ નથી, માત્ર પ્રેમ સંબધ છે.**

**ક્રિષ્નાજીએ આજની નારી પોતાનું અલગ અસ્તિત્વ શોધવા લાગી છે, અને પોતાની જાત પ્રત્યેની સભાનતા તેનામાં દર્શાવી છે, એનું સચોટ આલેખન કર્યું છે. વર્ષોથી જાણે મુકિતનો અહેસાસ ઝંખતી હોય એમ તરફડે છે. સદીઓથી દબાયેલી પોતાના અવાજને બુલંદ સ્વરે દર્શાવે છે. અમ્મુનાં પાત્રનાં માધ્યમ દ્વારા નારીમુકિતનાં સંદર્ભમાં ક્રિષ્નાજી લખે છે.–**

‘‘मै तितली नही माग रही, अपना हक माँग रही हू । मुझे दे दो । ताजी हवा मे साँस लेने दो ।’’[10]

**અર્થાત ઘરની દિવાલોમાં બંધ નારીનો અવાજ બહાર આવવા વ્યાકુળ છે. ક્રિષ્નાજી નારીનાં આ વિચારને સંકેત દ્વારા નથી દર્શાવતાં પરંતુ, અપ્રત્યક્ષ રીતે પ્રોત્સાહન આપે છે. આજની સ્ત્રી પરંપરાગત છબીમાંથી બહાર આવવા માંગે છે. આત્મનિર્ભર બની સમાજમાં આધુનિક, શિક્ષિત બનવા માંગે છે. પોતાની ઈચ્છા, અનિચ્છાનાં નિર્ણયો સ્વયં પોતે કરવા માંગે છે. પોતાનું ભલું કે**

VIDHYAYANA

ખરાબનો નિર્ણય પોતાનાં શિરે જ રાખવા તત્પર છે. 'સૂરજમુખી અંધેરે કે' માં રતી પોતાનાં મિત્ર રોહિતને કહે છે. –

''मझे किसके साथ कहाँ जाना चाहिए, यह मेरे सोचने की बात है, किसी और की नही ।''[11]

- **એકલવાયા જીવનની સમસ્યા**

સમાજમાં સંયુકત પરિવારની પ્રણાલી એકબીજાનાં સુખ કે દુઃખ વહેંચવાની પદ્ધતિ ખરેખર યોગ્ય હતી. તેનાંથી સુખમય જીવન પસાર થતું અને દુઃખનો અહેસાસ ઓછો જણાતો પરંતુ માનવી એક સામાજિક પ્રાણી છે. સમાજમાં રહેવા છતાં માનસિક તણાવને લીધે એકલાપણાંનો અનુભવ કરે છે. 'સમય સરગમ' ઉપન્યાસમાં અરણ્યા લેખિકા છે. તેણે પોતાનાં જીવનમાં એકલાં રહેવાનું જાતે જ પસંદ કર્યુ છે. અરણ્યા જીંદગીભર એકલી રહી પરંતુ અપ્રત્યક્ષ રૂપે તેને બધાંની જરૂર છે. તે કહે છે.–

''अकेलो का यही इतजाम । चाय है तो चीनी नही, चीनी है तो दूध नही ।''[12]

તો વળી, 'મિત્રો મરજાની'ની નાયિકા મિત્રો આખા પરિવારમાં રહીને પણ સતત એકલતા અનુભવે છે. આમ, સ્ત્રી સંપૂર્ણ પરિવારમાં રહેતી હોવા છતાં પતિથી અસંતુષ્ટ હોય તો તેને એકલવાયા હોવાનો અહેસાસ સતત થયા કરે છે. આમ આધુનિક પરિવેશમાં જીવતો દરેક વ્યકિત ચાહે સ્ત્રી હોય કે પુરૂષ એકલાપણાંનો માર સહન કરે છે.

- **યૌન / સેકસ સંબંધી સમસ્યા**

નારી વિકાસનાં અવરોધમાં કયાંક કોઈ અંશે યૌન પવિત્રતા નષ્ટ થઈ જવાનો ડર બતાવી સ્ત્રીને અટકાવવામાં આવે છે. ભારતીય સભ્યતાનાં નામે સ્ત્રીને શરીર સાથે જન્મ લેનારી ઈચ્છાઓથી જાણે બાંધી દેવામાં આવે છે. વર્ષોથી યૌન પવિત્રતાના નામે નારીને કચડી નાંખવું, દબાવવું જેવી પ્રવૃત્તિ થાય છે. 'ડાર સે બિછુડી'ની નાયિકા પાશો દિવાનજીનાં મૃત્યુ બાદ બરકત, મંજલે અને ફિરંગીઓની વાસનાનો શિકાર બને છે. 'સૂરજમુખી અંધેરે કે'ની નાયિકા રતી બાળપણમાં જ બળાત્કારનો શિકાર બને છે. 'દિલો દાનિશ'ની નાયિકા કુટુંબ ભૈરોં બાબાની નામના સાંભળી કોઈ ચમત્કાર થવાની આશાએ તેનાં ભોગનો શિકાર બને છે. તો વળી, મિત્રો જેવી બેબાક નાયિકા પોતાની યૌન સંતુષ્ટિ માટે એક સાહસિક કદમ અપનાવે છે. કૃષ્ણાજીનાં નારી પાત્રો પોતાની શારીરિક આપૂર્તિ માટે આવશ્યકતાઓને અનુભવતી નથી, પરંતુ સાથે સાથે ખુલીને તેની માંગ પણ કરે છે. મિત્રો પોતાની જેઠાણી સુહાગને ખુલ્લા શબ્દોમાં કહે છે.–

''देवर तुम्हारा मेरा रोग नही पहचानता । ....... बहुत हुआ हफ्ते–पखवारे .... और मेरी देह मे इतनी प्यास है, इतनी प्यास कि मछली–सी तडपती हू ।''[13]

પોતાની અસ્મિતા પ્રત્યે સજાગ બનીને સ્ત્રી યૌન સંતુષ્ટિ ઈચ્છે છે. સાથે સાથે યૌન સંબંધોમાં સમાનતા પણ માંગે છે.

આમ, ક્રિષ્ના સોબતીએ પોતાનાં ઉપન્યાસોમાં નારીની આ સિવાયની પણ શિક્ષાની સમસ્યા, દહેજ પ્રથા, પરિત્યકતાની અનુભૂતિ, પરંપરા તથા રૂઢિઓને અનુસરવાની સમસ્યા, અંધવિશ્વાસ, અજ્ઞાનતાની સમસ્યાઓનું આલેખન કરવામાં આવ્યું છે. સામાજિક પ્રતિષ્ઠાથી દુરીની સમસ્યા સંયુકત પરિવારની સમસ્યા, આત્મરક્ષાની સમસ્યા, વૃદ્ધાવસ્થા, આર્થિક સ્વતંત્રતા વગેરે સમસ્યાઓથી આજનાં ભૌતિક કે આધુનિક યુગમાં પણ લડી રહી છે. આમ, આ બધાં ઉપન્યાસમાં નારીને ક્રિષ્ના સોબતીએ રૂઢી, પરંપરાને વહન કરવાની સમસ્યાને વહન કરી ચાલે છે, તો ઘણી બધી સ્ત્રીઓ ભ્રમ, ભય, અંધવિશ્વાસ કે અજ્ઞાનતાનાં લીધે આવી સમસ્યાઓથી ઘેરાયેલી છે તેવું આલેખ કર્યુ છે.

# ❖સંદર્ભ ગ્રંથ સૂચી❖

1. 'डाल से बिछुडी', कृष्णा सोबती, पृष्ठ - 27
2. आधुनिक हिन्दी कहानी मे वर्णित यथार्थ, डा. ज्ञानचद शर्मा, पृष्ठ - 91
3. 'बादलो के घेरे', कहानी सग्रह, कृष्णा सोबती, पृष्ठ - 26
4. 'दिलो-दानिश', कृष्णा सोबती, पृष्ठ - 121
5. 'डाल से बिछुडी', कृष्णा सोबती, पृष्ठ - 11
6. 'सूरजमुखी अधेरे के', कृष्णा सोबती, पृष्ठ - 16
7. वही, पृष्ठ - 96
8. 'मित्रो मरजानी', कृष्णा सोबती, पृष्ठ - 73
9. हिन्दी की महिला उपन्यासकारो की मानवीय सवेदना, डॉ.उषा यादव, पृष्ठ-162
10. 'ऐ लडकी', कृष्णा सोबती, पृष्ठ - 68
11. 'सूरजमुखी अधेरे के', कृष्णा सोबती, पृष्ठ - 72
12. 'समय सरगम', कृष्णा सोबती, पृष्ठ - 16
13. 'मित्रो मरजानी', कृष्णा सोबती, पृष्ठ - 20